# શહેરના ઘ-૬ ખાતે યુવાનો વચ્ચે મોડીરાતે ધીંગાણું

## ૨ યુવકો પર લોખંડની પાઈપ, તલવાર અને ધોકા વડે હુમલો કર્યો, ગાડીમાં પણ તોડફોડ કરી, જુની અદાવતમાં હુમલો થયો, પોલીસ ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૨૯

શહેરના સેકટર-૨૮ ઘ-૬ કોર્નર પાસે ગઈકાલ મોડીરાત્રે યુવાનો વચ્ચે ધીંગાણુ થયું હતું. જુની અદાવતને પગલે આ મારામારી થઈ હોવાનું લાગી રહ્યું છે. ત્યારે બે યુવકો પર ૯ જેટલા શખ્સો તલવાર, ધોકા અને લોખંડની પાઈપો લઈને તુટી પડ્યા હતા. આ મારામારીમાં એક યુવકને માથાના ભાગે તલવાર વાગતા ગંભીર સ્થિતિમાં અમદાવાદ સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયારે શખ્સોએ ગાડીઓમાં તોડફોડ કરી છે. જયારે બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી શરુ કરી છે.


શહેરને અડીને આવેલા કોલવડા ગામે રાણજી બાપાના માઢ ખાતે કેતનસિંહ કરણસિંહ નરૂકા (ઉ.૨૨) સેકટર-૧૫ માં ટીવાય બી.કોમમાં અભ્યાસ કરે છે અને સરકારી નોકરી માટેની પણ તૈયારી કરે છે. ગઈકાલે મોડીરાત્રે કેતનસિંહ તેમના મિત્ર ઘરે વાંચીને ઘરે જઈ રહ્યા હતા. તે સમયે માર્ગમાં તેમને મિત્ર હેમરાજ મળ્યો હતો અને કહી રહ્યો હતો કે લીંબોદરા ગામનો જગતસિંહ વાઘેલા અને બિલ્લો વાઘેલા બે વર્ષ અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી આપણા મિત્ર કુલદિપસિંહ સાથે રકઝક કરી રહ્યા છે.જેથી કેતનસિંહ અને હેમરાજ બાઈક લઈને ગાંધીનગર આવવા માટે નીકળ્યા હતા.પરંતુ માર્ગમાં તેઓને કુલદીપસિંહ, જતનસિંહ અને ભાવેશ સિંહ આઈ ટેન ગાડીમાં બેસીને ગાંધીનગર તરફ આવી રહ્યા હતા. તે સમયે માર્ગમાં કુલદિપસિંહના ફોન પર જગતસિંહ, બિલ્લો અને દાદુભાના ફોન સતત રણકતા રહ્યા હતા. જેથી તેઓ ઝઘડાના મુડમાં હોવાનું લાગતા કુલદિપસિંહે તેના બીજા મિત્રો શૈલેન્દ્રસિંહ અને જયદિપસિંહ ઉર્ફે ઉંધી સહિતના અન્ય મિત્રોને પણ બોલાવી લીધા હતા અને ઘ-૬ ખાતે પહોંચ્યા હતા. તે સમયે રીક્ષા સ્ટેન્ડ પાસે જગતસિંહ, બિલ્લો, અને બીજા છ શખ્સો ઉભા હતા. તે સમયે અચાનક એક સફેદ કલરની કાર આવી હતી. જેમાં બેઠેલા એક શખ્સ બુમો પાડીને કહેવા લાગ્યો હતો કે આમાથી કોઈને છોડશો નહી, બધાને પતાવી દો. જેથી જગતસિંહ, બિલ્લો અને દાદુભા સહિતના શખ્સો ઘાતક હથીયારો સાથે ધસી આવ્યા હતા. આ દ્રશ્ય જોઈને કુલદિપસિંહ સાથે આવેલા મિત્રો ભાગી ગયા હતા. જેને પગલે કુલદિપસિંહ તેમજ કેતનસિંહને ઘેરી લીધા હતા. બે યુવકો અને ગાડી પર હુમલો કરી આજે આ લોકોને જીવતા છોડવા નથી તેમ કહીને ગાળો બોલી રહ્યા હતા. તે સમયે બિલ્લો વાઘેલાએ તેના હાથમાં રહેલી પાઈપ કેતનસિંહને માથાના ભાગે અને જગતસિંહે હાથમાં રહેલી તલવાર જમણા હાથના કાંડા પર મારી હતી. જયારે જગતસિંહે તલવારનો ઘા કુલદિપસિંહને માથાના ભાગે અને બીજા ઘા કાન પર વાગતા ઈજા પહોંચી હતી. જેથી કુલદિપસિંહને ગંભીર ઈજા પહોંચતા તેઓ બેભાન થઈને ઢળી પડ્યા હતા. જયારે હુમલામાં ઘાયલ કેતન જીવ બચાવીને ખાનગી વાહનમાં બેસીને ગાંધીનગર સિવિલ સારવાર માટે આવ્યો હતો. જયારે થોડા સમય બાદ કુલદિપસિંહને પણ બે ભાન અવસ્થામાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા. ગાંધીનગર સિવિલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે કેતનસિંહ ફરીયાદ નોંધાવતા પોલીસે શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે આજે જિલ્લાના તબીબી અધિકારીઓની બેઠકમાં હાજરી આપી અને આરોગ્યતંત્રને વધુ સતર્ક રહેવા જણાવ્યુ હતુ.
- દહેગામ નરોડા રોડ પર જીઈબીની લાઈન ખસેડવાના કામ દરમ્યાન ક્રેઈનમાં સાંકળથી બાંધેલા એક થાંભલો ગાડી પર પડતાં ગાડીને ભારે નુકશાન થયુ હતુ. સદ્‌નસીબે વેપારી(વેપારીના માલિક)નો બચાવ થયો હતો.
- ગાંધીનગરમાં ઠંડીનું ધીમા પગલે આગમ થયુ છે.
- ગાંધીનગર જિલ્લાની આશા બહેનોએ કામના પ્રમાણમાં વેતનની માંગણી માટે આજે આરોગ્યતંત્ર અને જિલ્લાના અધિકારીઓને મળી રજુઆત કરી છે.
- ગાંધીનગર શહેરમાં છેલ્લા ૩ દિવસમાં વિદેશથી આવેલા ૩૫ જેટલા લોકોની આરોગ્યની ટીમ દ્વારા મુલાકાત કરી અને કોરોના અંગે ચકાસણી કરી હતી.
- પંચાયતોની ચૂંટણીને લઈ આજે ચૂંટણી લડવા ઈચ્છુકોએ ફોર્મ લઈ જવાનો આરંભ કર્યો છે. આજે બે ઉમેદવારીપત્રો ભરાયા છે. દહેગામ અને માણસા તાલુકામા એક-એક ફોર્મ ભરાયાનું જાણવા મળેલ છે.
- રાજ્ય સરકારના અંદાજપત્રને તૈયાર કરવાની કવાયત શરૂ કરવામાં આવી છે.
- રાજ્ય સરકારમાં વાયબ્રન્ટ સમીટ પછી અધિકારીઓની બદલીનો દોર આરંભાશે તેવી ચર્ચાઓ શરૂ થઈ છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



અરે તને તો ખબર છે ને કે લગ્નનું જમવાનું હું કદી છોડતો નથી... પણ આ ઓમિક્રોન વચ્ચે આવ્યો છે એટલે...!!!

## ઠક્કરબાપાની ૧૫૨મી જન્મજયંતિ નિમિતે પુષ્પાંજલિ

ગાંધીનગર, તા. ૨૯

આજે ગુજરાત વિધાનસભા ખાતે ઠક્કરબાપાની ૧૫૨મી જન્મજયંતિ નિમિતે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યે પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્યે કહ્યું કે, ઠક્કરબાપા ગાંધીજીના પ્રિયજન અને હરિજનો તેમજ આદિવાસીઓના ઉદ્ધારક હતા. ઠક્કરબાપાનો જન્મ એક મધ્યમવર્ગીય પરિવારમાં થયો હતો. તેઓએ અનેક સામાજિક અને આર્થિક સમસ્યાઓનો સામનો કરી સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ઈજનેર તરીકે તેઓએ ગુજરાત, મહારાષ્ટ્ર અને યુગાન્ડા સુધી કામ કર્યું હતું. સમગ્ર જીવન મૂકસેવક તરીકે જીવનારા ઠક્કરબાપાએ પંચમહાલમાં પડેલ દુકાળ વખતે ભીલોની નિઃસ્વાર્થ સેવા કરી હતી.

# શહેરની ૫૧ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વલ્લભભાઈ પટેલનું જાહેર અભિવાદન

ગાંધીનગર

ગાંધીનગર એ સેવાકીય, સામાજીક અને શૈક્ષણિક તેમજ ધાર્મિક સંસ્થાઓથી ધબકતું શહેર છે. નગરની ૫૧ જેટલી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રમુખશ્રીઓ અને અન્ય હોદ્દેદારો દ્વારા કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ (સરદાર સાહેબ) ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ઈન્ડિયન રેલ્વે ફાઈનાન્સ બોર્ડના ડાયરેક્ટર પદે પદનામિત કરાયા તેના ભાગરૂપે નાગરિક સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નગરના સ્વૈચ્છિક સંસ્થાના પ્રમુખશ્રી અને હોદ્દેદારો દ્વારા સરદાર સાહેબનો શાલ ઓઢાડી સન્માન કરાયા બાદ સન્માનપત્ર એનાયત કરાયું હતું. ત્યાર બાદ ચરખાની પ્રતિકૃતિ અને મહાત્મા ગાંધીની પ્રતિકૃતિ સ્મૃતિભેટ તરીકે આપને સન્માનિત કરવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે પુષ્પગુચ્છો, ફુલહાર અને પુસ્તકો દ્વારા શુભેચ્છાઓનો ધોધ વરસાવીને કડી સર્વ વિદ્યાલયની નિઃસ્વાર્થ સેવાઓને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા



અંતઃકરણપૂર્વક બિરદાવવામાં આવી હતી. સેવામૂર્તિ એવા યુવા ડાયનેમિક ચેરમેનશ્રી સરદાર સાહેબને સન્માનિત કરવામાં નગરજનોએ ગૌરવની લાગણી અનુભવી હતી.

આ પ્રસંગે શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, શ્રી અરૂણભાઈ બુચ દ્વારા શુભેચ્છાઓ અને આશીર્વચન આપવામાં આવ્યા હતા. હૃદયસ્થ માણેકલાલ સાહેબ સાથેના સંસ્મરણો વાગોળી અને પ્રવર્તમાન ચેરમેન સરદાર સાહેબની કાર્યશૈલી અને નિષ્ઠાને બિરદાવી હતી.

વલ્લભભાઈ પટેલ દ્વારા સંસ્થામાં અભ્યાસ કરતાં ૫૫,૦૦૦ વિદ્યાર્થીઓની પરીક્ષા જ્યારે પોતે આયોજીત કરતા હોય ત્યારે પ્રથમ તો તેમને પોતાને વાલીઓની દ્વારા લેવાતી પરીક્ષામાંથી પોતાને પાસ થવું પડતું હોય છે તેમ જણાવી વહીવટ અને આયોજનમાં ચોકસાઈ રાખવી પડતી હોય છે તેમ જણાવ્યું હતું. સ્વ. માણેકલાલ પટેલનો સંસ્કાર વારસો જાળવીને લોકોને ઉપયોગી થવાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. શ્રી વલ્લભભાઈએ વધુમાં જણાવ્યું હતું કે આ સન્માન મારું નહીં પરતું સંસ્થાનું સન્માન છે. કડી સર્વ વિદ્યાર્ય સર્વનું વિદ્યાલય છે. રેલ્વેના પ્રશ્ન અંગે શ્રી અરૂણ બુચે તેઓશ્રીને રજૂઆત કરતાં શક્ય તેટલી બનતી ત્વરાએ મદદ કરવાની ખાત્રી આપી હતી. તેમ જણાવી સર્વે સ્વૈચ્છિક સંસ્થાઓ માટે આભારની લાગણી પ્રદર્શિત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ચેતના અરૂણ બુચ અને શ્રી મનોજ શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રી સૂર્યક્રિષ્ણા મંત્રાલા અને ડૉ. કેયૂર શાહનું પ્રદાન નોંધપાત્ર હતું.

# ગાંધીનગરનો રીઢો વાહન ચોર રીક્ષા ચોરી ગાંધીનગર-અમદાવાદના ફેરા મારવા લાગ્યો

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી અઠવાડીયા અગાઉ સીએનજી રીક્ષાની ચોરી થઈ હતી. ત્યારે આ રીક્ષા ચોરીને અમદાવાદ-ગાંધીનગર વચ્ચે ફેરા મારનાર રીઢા વાહનચોરને એલસીબી પોલીસે વાવોલ થી દબોચી લીધો છે. ત્યારે આ વાહનચોરે વધુ ૬ ગુનાની કબુલાત કરી હોવાનું ધ્યાને આવ્યું છે.

ગાંધીનગર સિવિલમાંથી છાશવારે વાહનચોરીના કિસ્સા સામે આવે છે. વાહનચોરી માટે સિવિલ હોસ્પિટલ હોટસ્પોટ બની ગયું છે. સાંજ ઢળતા જ ઘોર અંધકારમાં કેમ્પસમાં પાર્ક કરેલા વાહન ગાયબ થઈ જાય છે. ત્યારે ગત તા.૨૨ નવેમ્બરના રોજ સિવિલ કેમ્પસમાંથી સીએનજી રીક્ષાની ચોરીની ફરીયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. એલસીબી-૨ પોલીસ મથકના પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો વાહનચોરીના ગુના ઉકેલાય તે દિશામાં કામગીરી કરી રહ્યા હતા. તે સમયે બાતમી મળી હતી કે સિવિલમાંથી ચોરી થયેલી રીક્ષા રૂપાલ ગામનો પ્રકાશ ઉર્ફે પકો અરજણજી વણઝારા ગાંધીનગર અમદાવાદના ફેરા મારતો હતો. પોલીસે બાતમીને પગલે વોચ ગોઠવી વાવોલ ખાતેથી રીક્ષા સાથે પ્રકાશ વણઝારાને પોલીસે દબોચી લીધો હતો. પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતા પ્રકાશ વણઝારાએ અઠવાડીયા પહેલા સીએનજી રીક્ષા સિવિલ કેમ્પસમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. તે ઉપરાંત દોઢ માસ પહેલા સેકટર-૨૬ ઓશીયા મોલ પાસેથી રીક્ષાની ઉઠાંતરી કરી હોવાની કબુલાત કરી હતી. જયારે અત્યાર સુધીમાં પ્રકાશ વણઝારાએ સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાં ૬ ચોરીના ગુનાને અંજામ આપ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. પોલીસે પ્રકાશની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં મ્યુઝિક એન્ડ રાગ થેરાપી પર ત્રિદિવસીય ઑનલાઈન સત્ર યોજાયું

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સ્કૂલ ઑફ ચાઈલ્ડ, યૂથ એન્ડ ફેમિલી ડેવલપમેન્ટ દ્વારા ‘મ્યુઝિક એન્ડ રાગ થેરાપી’ વિષય પર તાજેતરમાં જ ત્રિદિવસીય ઑનલાઇન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રમાં ૬૫ સગર્ભા સ્ત્રીઓ તેમજ સંકલ્પિત દંપતીઓ જોડાયાં હતાં. મહારાષ્ટ્રના પુણે સ્થિત મ્યુઝિક થેરપિસ્ટ શ્રી સંતોષ ઘાટપાંડે દ્વારા તમામ લાભાર્થીઓને સંગીત વિશે સુંદર માહિતી આપી હતી.

# ચિલોડા વિસ્તારમાં રવી સિઝન તરીકે બટાકાની વિક્રમજનક વાવણી

ચિલોડા, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા મોટા, મગોડી, ઈસનપુર મોટા, શિવપુરા કંપા, જાખોરા ગ્રામ્યપંથકમાં રવી સિઝન તરીકે દિવાળી બાદ ખેડૂતોએ શાકભાજીનો રાજા ગણાતા બટાકાની ખેતીમાં વિક્રમજનક વાવેતર કરવા વધુ ઝોક આપી દીધો છે. માત્ર ચિલોડા ગામમાં એક હજાર વીંઘામાં છેલ્લા દોઢ માસથી વેફર માટેના એલ.આર. લાલ બટાકાનું વધુ વાવેતર કરવા તત્પર બન્યા છે. હાલમાં બટાકાની વાવણીમાં ખેડૂતો બિયારણ, ખાતર, પાણી, ખેડ દ્વારા અઢળક ખર્ચ કરી અગ્રેસર બન્યા છે. ત્યારે રાત-દિવસ આધુનિક ટ્રેક્ટરો મશીનો દ્વારા વાવેતરમાં ધમધમાટ થઈ રહ્યો છે. બટાકાની વાવણી બાદ બટાકાની પાળા પર ડ્રીપ સિંચાઈ યોજનાનો પુરેપુરો ઉપયોગ કરવા કાળા કલરની ટપક સિંચાઈ પાઈપ દ્વારા પાકને ધીમે-ધીમે ટપક પદ્ધતિથી જરૂરિયાત પ્રમાણે છોડને પાણી મળે તેવી વ્યવસ્થા કરવામાં



આવી રહી છે. આમ ટપક સિંચાઈ પદ્ધતિથી પાણીનો બચાવથી અનેક ફાયદાઓ થશે તેવુ ખેડૂતોનું માનવું છે. ચાલુ સાલે શિયાળાની બેવડી ઋતુથી રવી સિઝનમાં ઘઉં અને બટાકાની ખેતીમાં વિપરીત સંજોગોથી ખેડૂતો ચિંચાતુર બન્યા છે. બટાકાના પાકને પાયામાં ખાતર તેમજ બિનજરૂરી ઘાસ ન ઉગે તેવા પ્રયાસો કરવા અતિ જરૂરી છે. આમ ખેડૂતો હવે ટૂંકા સમયમાં રોકડિયા પાકો વધુ ફાયદારૂપ બને તેવી ખેતી તરફ વધુ જોક આપી રહ્યા છે. બટાકાની ખેતી માત્ર ૯૦ થી ૧૦૫ દિવસમાં પાકની ઉપજ હોવાથી ખેડૂતો વધુ રસ ધરાવી રહ્યા છે.

# ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે ભાષા કૌશલ્ય કાર્યશાળા યોજાઈ

યુવાનોમાં ભાષાની વૈજ્ઞાનીક સમજ કેળવાય તે ખૂબ જરૂરી છે. ભારતમાં ભાષા આધારીત રાજ્યોની રચના કરવામાં આવેલ છે. વિવિધ પ્રદેશોમાં વસતા લોકો પોત-પોતાની પરંપરાગત વિવિધ બોલી માં બોલતા હોય છે. ખાસ કરીને માતૃભાષામાં વર્તન વાણી વ્યવહાર હોય છે. તેથી તેઓ જે સાંભળે છે તે બોલે છે અને તે લખે છે. પરંતું જ્યારે તે શાળા શિક્ષણ મેળવે છે, ત્યારે પણ જો તે બોલી મુજબ જ પોતાનું લખાણ અને કાર્ય કરશે. તો તે બોલીમાં નહીં પરંતું ભાષમાં હોવું જોઈએ. ગુજરાતી માં એક કહેવત છે કે બાર ગાઉં એ બોલી બદલાય છે. તેથી જ્યારે કોઈ એક કોલેજ કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા યુવાનો ના લખાણ ને તપાસતાં તેઓ જેવું બોલે છે તે લખે છે. પણ તેમણે બોલીમાં નહીં પરંતું ગુજરાતી ભાષામાં લખવાનું છે, જે યુનિવર્સલ હોય. આ અંગે ગૂજરાત વિદ્યાપીઠના પ્રો.સંજય મકવાણા એ યુવાનોને આ અંગે જણાવ્યું કે જો તમે તમારી ભાષાનું જ્ઞાન વધારવા માટે વાંચન વધારશો તો તમે તમારી ભાષાની ભવ્યતા વધારી શકશો. પુસ્તકો, સમાચારપત્રો, મેગેઝિનનું વાંચન



વધારવાથી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મળશે. વ્યાકરણ વિજ્ઞાનની સમજ આપી. રાંધેજા સંસ્થાના સંયોજકશ્રી પ્રો.રાજીવ પટેલે યુવાનોને વર્તમાન સમય માં બોલી કરતાં ભાષાનું મહત્વ વધારે છે તે સમજાવ્યું તથા પ્રા.જીતેન્દ્ર ઢેબરીયા અને અધ્યાપકોએ સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યુ. રા.સે.યો.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ.હસમુખ પંચાલે કાર્યક્રમનું સંચાલન કર્યુ અને સૌનો આભાર માન્યો. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તમામ યુવાનોને ભાષા વિજ્ઞાનની સમજ પ્રાપ્ત થતાં આનંદ વધ્યો.

# જિલ્લામાં સખી વન સ્ટોપ સેન્ટર યોજના અંતર્ગત કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં સખી વન સ્ટોપ સેન્ટર યોજના અંતર્ગત થયેલી કામગીરીની સમીક્ષા બેઠક આજરોજ જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

આ બેઠકમાં કલેકટરની અધ્યક્ષતામાં સખી વન સ્ટોપ સેન્ટરની ગત સમીક્ષા બેઠકમાં અપાયેલ સૂચનો અન્વયે કરેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ સેન્ટર પર આવેલા કેસોની અને કેસોના સમાધાન માટે કરેલી કામગીરીની ચર્ચા કરવામાં આવી હતી. કલેકટરે સંબંધિત અધિકારીને સખી વન સ્ટોપ સેન્ટર યોજનાના મકાનનાં બાંધકામ કામગીરી કેટલી થઈ છે, તેની માહિતી મેળવી આ કામગીરી બને તેટલી ઝડપી પૂર્ણ કરવા માટે સૂચના આપી હતી. તેની સાથે સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા આપવામાં આવતી સહાયનો વધુમાં વધુ બહેનોને લાભ લઈ શકે તે માટે આ યોજનાનો પ્રચાર-પ્રસાર કરવા પણ સંબંધિત અધિકારીને ભારપૂર્વક જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારત સરકાર દ્વારા પીડિત શોષિત તેમજ હિંસાથી પીડિત મહિલાઓને તમામ પ્રકારની મદદ જેવી કે તબીબી સેવા, પરામર્શ, પોલીસ સેવા, આશ્રય અને સંસ્થાકીય મદદ પૂરી પાડવા સખી વન સ્ટોપ સેન્ટર યોજના અમલી બનાવવામાં આવી છે. આ યોજના અંતર્ગત વન સ્ટોપ સેન્ટર ખાતે જાન્યુઆરી-૨૦૨૦ થી ઓકટોબર- ૨૦૨૧ સુધી કુલ-૨૧૨ બહેનોને વિવિધ પ્રકારની સમસ્યાઓમાં સેન્ટર દ્વારા મદદ કરવામાં આવી છે.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાવોલ કુબેરનગર ખાતે તારે ઘરની બહાર નીકળવાનું નથી, કહી પતિએ મહિલાને માર માર્યો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ કુબેરનગર ખાતે મહિલાને તેના પતિએ ગાળો બોલીને ગડદાપાટુનો મુઢમાર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેને પગલે બનાવ અંગે સેકટર-૭ મહિલાએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાવોલ કુબેરનગર ખાતે રહેતા નૈલેશભાઈ રાવળના ઘરે સવારના સમયે સામાન્ય માથાકુટ થઈ હતી. તેઓ કહી રહ્યા હતા કે તેમની દિકરી ને અહીયા ભણાવવી નથી, અને તારે ઘરની બહાર નીકળવાનું નથી તેમજ કોઈ નોકરી પણ કરવાની નથી તેમ કહી ઉશ્કેરાઈ જઈને તેમની પત્નીને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યા હતા. ગાળો બોલવાની ના પાડતા તેમના પત્નીને શરીરે ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ જો મારુ નામ લીધુ છે તો જાનથી મારી નાંખીશ તેમ કહી નીકળી ગયા હતા. ત્યારબાદ રૂપલબેન દિકરીને ઘરેથી લઈને નીકળી ગયા હતા અને તેમની બહેન સંગીતાના ઘરે ગયા હતા. રૂપલબેનને શરીરે મુઢમારની ઈજાને પગલે શરીરે દુખાવો થતા સારવાર કરાવી હતી. ત્યારબાદ પોલીસ મથકે રૂપલબેન રાવળે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સુઘડ કેનાલમાં ઝંપલાવનાર પિતા-પુત્રમાં પિતાનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર અમદાવાદ માર્ગ પરથી પસાર થતી સુઘડ નર્મદા કેનાલ ખાતે રવિવારના રોજ બપોરના સમયે અગમ્ય કારણોસર કિશોરે મોતનો કુદકો લગાવ્યો હતો. તો બીજીતરફ પુત્રને બચાવવા માટે પિતાએ પણ કેનાલમાં ઝંપલાવ્યું હતું. પરંતુ પિતા-પુત્ર કેનાલના ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયેલા પિતા-પુત્રને શોધવા માટે ફાયર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. પરંતુ કોઈનો મૃતદેહ મળી આવ્યો ન હતો. જો કે સોમવારના રોજ સવારે પિતાનો મૃતદેહ મળી આવ્યો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સુઘડ કેનાલમાં પિતા-પુત્ર એ ઝંપલાવ્યું હોવાની જાણ પોલીસ અને ફાયર ટીમને થતા કર્મચારીઓ તાત્કાલીક આવી પહોંચ્યા હતા. મળતી વિગત મુજબ સુઘડ ગામના દશરથજી કચરાજી ઠાકોરના પરિવારમાં પત્ની અને બે પુત્ર સંતાન છે. દશરથજી છુટક મજુરી કામ કરે છે અને પત્ની પિયરમાં રીસામણે બેઠી છે. ત્યારે દશરથજીની પત્ની સિવિલના ગેટ પાસે ચા ની કીટલી પર કામ કરે છે.

જયારે બે દિકરાઓ દશરથજી પાસે રહેતા હતા અને અભ્યાસ કરતા હતા. ત્યારે આજે બાપ દિકરા વચ્ચે કોઈ બાબતે ખટરાગ થયો હોવો જોઈએ જેને પગલે અચાનક સગીરવયના દિકરાએ સુઘડ કેનાલમાં મોતની છલાગ લગાવી હતી. બનાવની જાણ દશરથજીને થતા તેઓ બીજા દિકરા સાથે કેનાલ પર આવી પહોંચ્યા હતા. અને દિકરાને બચાવવા માટે તેઓએ કેનાલમાં કુદકો માર્યો હતો.

પરંતુ બંને બાપ દિકરો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. બનાવની જાણ ગ્રામજનોને થતા કેનાલ પર આવી પહોંચ્યા હતા. જયારે પોલીસ પણ કેનાલ ખાતે આવી ગઈ હતી. જયારે ફાયરના જવાનોએ કેનાલમાં શોધખોળ આદરી હતી પરંતુ બે માંથી કોઈનો પત્તો લાગ્યો ન હતો. ત્યારે આજે સોમવારના રોજ સવારે દશરથજીનો મૃતદેહ મળ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે આ મુદ્દે પોલીસ મથકે કોઈ ફરીયાદ નોંધાઈ ન હોવાનું પણ જાણવા મળ્યું છે.